હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમારા વખતમાં અમે એકઝામ દેવા જઇએ ત્યારે અમને નહી અમારા પિતાજીને હાર્ટએટેક આવે તેવો સમય હતો...!!

આપના નેતા યુવરાજસિંહને સેન્ટ્રલ જેલ મોકલી અપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજાને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. જો કે પોલીસ દ્વારા રીમાન્ડની માંગણી કરવામાં આવી ન હતી. જેથી કોર્ટે યુવરાજસિંહ અને દિપક ઝાલાને સેન્ટ્રલ જેલ મોકલી આપવા માટે આદેશ કર્યો છે. જયારે એફએસએલ ખાતે તમામ પુરાવા પોલીસે મોકલી આપ્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગઈકાલે સચિવાલય ગેટ નં-૪ સામે વિદ્યાસહાયકો દ્વારા સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવતા વિદ્યાસહાયકોની અટકાયત કરવામાં આવી હતી. આ વિદ્યાસહાયકોને જિલ્લા પોલીસ હેડ કવાર્ટર ખાતે રાખવામાં આવ્યા હતા. તે સમયે યુવરાજસિંહ ત્યાં પહોંચી ગયા હતા અને ભાષણ કર્યુ હતું. ત્યારબાદ યુવરાજસિંહ હેડ કવાર્ટરથી નીકળી વખતે પોલીસ વચ્ચે ઝપાઝપી અને ઘર્ષણ થયુ હતું. પોલીસ કોન્સ્ટેબલને ઈજા કરી ભાગવા જતા પોલીસે દ્વારા તેઓની ધરપકડ કરાઈ હતી.પોલીસે તેમને હંમેશા સહકાર આપ્યો છે. પોલીસ પર કાર ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો.આ સમગ્ર ઘટના તેમની કારમાં લગાડેલા કેમેરામાં કેદ થઈ છે. જયારે યુવરાજસિંહ સામે આઈપીસી ૩૦૨,૩૦૨ હેઠળ ગુનો નોંધાયો છે. જે બિનજામીનપાત્ર ગુનો છે. જયારે તમામ ચીજવસ્તુઓ એફએસએલ ખાતે તપાસ માટે મોકલી આપી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- સાદરા ગ્રામ વિદ્યાપીઠ ખાતે વાનગી સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.
- આજે વિશ્વ આરોગ્ય દિવસ હોઈ તેની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.
- ચિલ્ડ્રન યુનિ. સે. ૨૦ ખાતે આયુર્વેદ ચિકિત્સાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જ ગટરના પાણીનું તળાવડુ ભરાયેલુ હોય ત્યાં મચ્છરોના બ્રિડીંગ મળવાનો ભય ઉભો થયો છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનો પર પાર્કિંગની સમસ્યા હવે ઘેરી બની રહી છે. સરકારી કચેરીઓમાં પણ પાર્કિંગની પુરતી વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠકમાં સ્થાનિક રોકાણોમાં વ્યસ્ત હોવાથી દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ હાજર રહ્યા ન હતા.
- "દિશા" રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા માટે મળતી બેઠકની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અરવિંદસિંહ સોલંકીએ આજે વિધિવત ચાર્જ જિલ્લા અને પ્રદેશ આગેવાનોની હાજરીમાં સંભાળી લીધો છે.

એનડીપીએસના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૬

ચિલોડા પોલીસે એનડીપીએસ એકટના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને ચિલોડા ઓવરબ્રિજના છેડે થી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બે વર્ષ અગાઉ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા કરી રહ્યા હતા. તે સમયે ચિલોડા થી હિંમતનગર જતા માર્ગ પર હરીઓમ દાલ બાટી પાસે અલ્ટો કાર નં. આર. જે. ૨૪. સી. એ.- ૫૮૫૨ શંકાસ્પદ હાલતમાં ઉભી હતી. પોલીસ ગાડીમાં ચેક કરવા જતા તેમા રહેલા બે શખ્સોએ ગાડી ભગાડી મુકી હતી. જેથી પોલીસે અલ્ટોનો પીછો કરતા છાલા ગામ પાસે રોડ પર ગાડી મુકી ભાગી ગયા હતા. પોલીસે ગાડી ચેક કરતા તેમાંથી ૩૩ કિલો ગાંજો મળી આવ્યો હતો.જેથી પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન ધર્મેન્દ્રસિંહ ઉર્ફે રાજુ ચંદ્રસિંહ રાવલ (રાજપુત રહે, નઈઆબાદી આસોડીયા ગર્લ્સ સ્કુલ નજીક તા.કાકરોલી જી રાજસમંદ રાજસ્થાન),પકડી પાડ્યો હતો.

જયારે જોરાવરસિંહ સુમેરસિંહ રાજપુત (હાલ રહે. ગરવાઈ થાના કરડા જી ભીલવાડા રાજસ્થાન) ને અટક કરવાનો બાકી હતો. ત્યારે ચિલોડા પોલીસને ખાનગી રાહે બામતી મળી હતી કે ગાંજા કેસમાં નાસતો ફરતો આરોપી ચિલોડા થી હિંમતનગર તરફ જતા પુલના છેડા પાસે ઉભો છે. જેને પગલે ચિલોડા પીઆઈ એમ.જી.જાડેજા, હે.કો. ભાવિકકુમાર, દિગ્વિજયસિંહ ચંદનસિંહ, કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ નટુભા, અલ્તાફ અબ્દુલ અને લોકરક્ષક સુનિલ રમણભાઈ સહિત બાતમીવાળી જગ્યા પર જઈ આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી માટે એસઓજી ગાંધીનગરને સોંપવામાં આવ્યો છે.

મેડીકલ કોલેજ ખાતે હડતાલના ડોકટરોએ મહાદેવની પુજા કરી આરતી ઉતારી

પોતાની પડતર માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહી આવતા આજે સતત ત્રીજા દિવસે પણ ડોકટર્સ હડતાલ પર છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે ડોકટર્સ દ્વારા કાળો દિવસ મનાવી શિવલીંગની પુજા અર્ચના કરી અનોખી રીતે વિરોધ વ્યકત કર્યો હતો. જયારે સરકાર પોતાની માંગણીઓનો ઝડપી નિર્ણય લાવે તે માટે ડોકટરોએ ભગવાનને પ્રાર્થના કરી હતી.

ચિલોડા એસ.પી. રીસોર્ટ ખાતે ભાજપનું સક્રિય કાર્યકર્તા સમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક એસ.પી. રીસોર્ટ ખાતે ભાજપા સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીનું જિલ્લાના સક્રિય કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાનાર સંમેલનમાં ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી તથા જિલ્લા પ્રભારી ઉપસ્થિત રહી સંબોધન કરી સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. આ સંમેલનમાં દક્ષિણ અને દહેગામના ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રભારી પંકજ ચૌધરી, ડૉ. હર્ષદ પટેલની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપા અધ્યક્ષ અનિલ પટેલની અધ્યક્ષતામાં સક્રિય કાર્યકર્તાનું સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંમેલનમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લાના કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકાના ભાજપાના સક્રિય કાર્યકરો, હોદેદારો તેમજ અગ્રણી એસ.પી. ઠાકોર, લલિતસિંહ ઠાકોર, હિતેન્દ્ર પટેલ, રમણભાઈ દેસાઈ, અમિત ચૌધરી, દિલિપ પટેલ, શંકરસિંહ રાણા વગેરે મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં જિલ્લાના ૨૪૦૦ સક્રિય કાર્યકર્તાઓના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ભાજપાના સંગઠનનો વ્યાપ વધારવા, સરકારની જનકલ્યાણકારી યોજના અને પ્રજાકીય હિતોના નિર્ણયો પ્રત્યેક લાભાર્થીઓ સુધી પહોંચતી કરવા આહવાન સાથે માર્ગદર્શિત કર્યા હતા.

ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે આઝાદી ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની આગેવાની હેઠળ સાબરમતી ગાંધી આશ્રમ ખાતેથી આ યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ.

તપોવન સર્કલથી ઝુંડાલ જવા રીક્ષામાં સવાર યુવકના ૨.૨૫ હજાર ઠગોએ સેરવી લીધા

ગાંધીનગર, તા.૬

વૈષ્ણોદેવી તપોવન સર્કલ થી ઝુંડાલ ગામ તરફ જતા માર્ગ પર રીક્ષામાં બેસીને જઈ રહેલા યુવકના ખીસ્સામાંથી રૂ.૨૫ હજાર ઠગ ટોળકીએ સેરવી લીધા હતા. આ ઠગ ટોળકી રીક્ષામાં અગાઉ થી બેઠેલી હતી. જયારે યુવકને હું એક પેસેન્જરને આગળ ઉતારી આવું છુ તેમ કહી પલાયન થઈ ગયા હતા. યુવકને શંકા જતા ખીસ્સુ ચેક કરતા રૂ.૨૫ હજાર ચોરી થવાની જાણ થઈ હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા કેશવ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૨૬ વર્ષિય અમરતલાલ હીરારામ દેવાસી મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવે છે. ગત તા.૧ એપ્રિલના રોજ યુવક બાવળા ખાતે શિવજીના મંદિરે દર્શન કરવા માટે ગયો હતો. ત્યાંથી પરત ફરતા વૈષ્ણોદેવી સર્કલ ખાતે બપોરે ઉતર્યો હતો. ત્યારબાદ વૈષ્ણોદેવી થી તપોવન સર્કલ જવા માટે બેઠો હતો. આ રીક્ષામાં અગાઉ થી ડ્રાઈવર સાથે કુલ ચાર વ્યકિત સવાર હતા. જેમાં એક મહિલા અને એક પુરુષ હતો.જયારે એક વ્યકિત ડ્રાઈવરની બાજુમાં બેઠો હતો. રીક્ષા સામાન્ય આગળ જતા ચાલકે આગળ પોલીસ હશે તેમ કહી બાજુમાં બેઠેલા વ્યકિતને પાછળ મોકલી આપ્યો હતો. જેથી યુવક તે વ્યકિતના પગ પર બેઠો હતો. ત્યારબાદ રીક્ષા ઝુંડાલ ગામ પાસે આવતા યુવકને નીચે ઉતારી તમે ઉભા રહો હું એક પેસેન્જરને ઉતારી આવુ છુ તેમ કહી છટકી ગયા હતા. યુવકને શંકા જતા ખીસ્સા ચેક કરતા રૂ.૨૫ હજાર મુકેલા હતા તે જણાયા ન હતા. જેથી યુવક ચાલતા ઝુંડાલ ગામ તરફ ગયો હતો પરંતુ રીક્ષા સહિતની ટોળકી મળી ન હતી. જયારે યુવકને માતાનું ઓપરેશન હોવાથી વતન ગયો હતો. જેથી યુવકે અડાલજ પોલીસ મથકે ઠગ રીક્ષા ટોળકી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે રીક્ષા ગેંગને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સ્માર્ટ સિટી યોજના અન્વયે બાસણની પ્રાથમિક શાળાનો વિકાસ હાથ ધરાયો છે. છેલ્લા ઘણા સમયથી અહીં શાળાના નવીનીકરણનું કામ ચાલી રહ્યુ છે. નવીનીકરણની કામગીરી અન્વયે મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જશવંતભાઈ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ.

બાઈક ધીમે ચલાવવાનું કહેવાનું ભારે પડ્યું

"હું કુડાસણનો દાદા છું" તેમ કહી પિતા પુત્રને માથામાં કડા મારી લોહીલુહાણ કર્યા

ગાંધીનગર, તા.૬

કુડાસણ વિસ્તારમાં શિવાલય ચોકડી પાસે રાત્રીના સમયે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.જેમાં રોકેટ ગતિએ બાઈક હંકારતા યુવકને અન્ય એકટીવા ચાલકે બાઈક ધીમે હંકારવાનું કહ્યું હતું. જેથી ઉશ્કેરાઈ ગયેલા યુવકે એકટીવાની ચાવી લઈ લીધી હતી. ત્યારબાદ એકટીવા ચાલકના કાકા અને ભાઈ ત્યાં પહોંચીને ચાવી પાછી માંગતા યુવકે કુડાસણનો દાદા હું છું કહીને માથાના ભાગે કડાથી તેમજ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ અક્ષર બંગ્લોઝ બી-૪૦ ખાતે રહેતા અને ઈંટનો ભઠ્ઠો ચલાવતા જીગ્નેશ દશરથભાઈ પ્રજાપતિ ગતરાત્રીના સમયે પરિવાર સાથે સરગાસણ શાંતિ વિલા બંગ્લોઝ ખાતે રહેતા બહેનને મોર આપવા માટે ગયા હતા. ઘરે પરત ફરતા સમયે ગાંધીનગર સેકટર-૨ડી પ્લોટ નં.૧૦૨૩ ખાતે રહેતા મોટાબાપાના દિકરા જયેશનો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું કે હું શિવાલય ચોકડી થી પસાર થઈ રહ્યો હતો. તે સમયે એક યુવક ધુમ સ્ટાઈલે બાઈક ચલાવીને જતા જયેશભાઈએ તેને બાઈક ધીમુ ચલાવવા માટે કહ્યું હતું. જેથી બાઈક ચાલક યુવક ઉશ્કેરાઈ જતા એકટીવાની ચાવી લઈ લીધી હતી. જેથી જીગ્નેશ પ્રજાપતિ શિવાલય ચોકડી ખાતે પહોંચી ગયા હતા, ત્યાં પિતરાઈ ભાઈ જયેશ તેમજ તેની પત્ની હાજર હતા. જયારે એકટીવાની ચાવી લેનાર યુવક પણ ત્યાં જ હતો. જેને પગલે જીગ્નેશ પ્રજાપતિએ એકટીવાની ચાવી માંગતા યુવકે ચાવી નહી મળે તું કુડાસણનો દાદા થઈ ગયો છે, કુડાસણનો દાદા હું છું. તેમ છતા યુવક પાસે ચાવી માંગતા અચાનક ઉશ્કેરાઈ ગયેલા યુવકે ગાળાગાળી કરી હાથ રહેલા કડા થી માથાના ભાગે તેમજ કપાળના ભાગે મારતા જીગ્નેશ પ્રજાપતિ લોહી લુહાણ થઈ ગયો હતો. ત્યારબાદ જયેશને ચાવી નથી લેવી તેમ કહી જીગ્નેશ ભાઈને કાનમ રેસીડેન્સી-૨ ગેટ આગળ આવી ગયા હતા. ત્યારબાદ જીગ્નેશભાઈએ તેમના પિતાને કોલ કરતા તેઓ આવી પહોંચ્યા હતા અને સમજાવીને ઘરે લઈ જતા હતા. તે સમયે બાઈક ચાલક યુવક અન્ય બે શખ્સોને લઈને આવ્યો હતો અને જીગ્નેશને મારવા લાગ્યો હતો. જેથી તેના પિતા વચ્ચે પડતા તેઓને પણ માથામાં તેમજ કાનની પાછળના ભાગે કડાથી માર મારતા લોહી નીકળતુ હતું. ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા હતા. જયા જીગ્નેશ પ્રજાપતિને માથાના ભાગે ૧૭ ટાંકા આવ્યા છે. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે કુડાસણ ગામના કેવીન ઉર્ફે કુશ ગીરીશભાઈ પટેલ અને કાનમ રેસીડેન્સી ખાતે રહેતા હાર્દિક નટુભાઈ પટેલ તેમજ તેના નાનાભાઈ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સચિવાલય પાસે વિરોધ કરનાર ૫૭ વિદ્યાસહાયકો સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સચિવાલય ગેટ નં-૪ પાસે રાજયભરમાંથી મોટીસંખ્યામાં ઉમટી પડેલા વિદ્યાસહાયક ઉમેદવારોએ સરકાર સામે વિરોધ નોંધાવી સુત્રોચ્ચાર કર્યા હતા. આ સમયે આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજા પણ સ્થળ પર પહોંચી ગયા હતા. પરંતુ સચિવાલય પાસે હોબાળો થતા પોલીસ પણ દોડી આવી હતી.

પોલીસે ૫૭ વિદ્યાસહાયક ઉમેદવારોની અટકાયત કરી પોલીસ હેડ કવાર્ટર લઈ ગયા હતા. ત્યારે વિદ્યાસહાયકોએ કોઈપણ પ્રકારની મંજુરી મેળવ્યા સિવાય વિરોધ નવા સચિવાલય ગેટ નં.૪ સામે ચાર થી વધુ વ્યકિતઓએ એકઠા થઈ સરકાર સામે વિરોધ પ્રદર્શીત કરી સુત્રોચ્ચાર કરતા ૫૭ વિદ્યાસહાયક ઉમેદવારો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાટ અર્જુન કાફે પાસેથી સટ્ટોડીયો ઝડપાયો

ગાંધીનગર, તા.૬

અમદાવાદ માધુપુરા ખાતે રહતો સુમીતકુમાર ચંપાલાલ સોની (ઉ.૩૦) ભાટ નજીક અર્જુન કાફે પાસે મહાદેવ બુક કીંગ ઓફ ઓનલાઈન વર્લ્ડ નામની વેબસાઈટ દ્વારા ચાલી રહેલી મેચ રાજસ્થાન રોયલ તેમજ રોયલ ચેલેન્જર બેંગ્લોર વચ્ચે ચાલતી આઈ-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હતો. જેથી અડાલજ પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી. તે સમયે પોલીસને બાતમી મળી હતી. બાતમીને આધારે ભાટ અર્જુન કાફે પાસેથી સટ્ટોડીયાને પકડી પાડ્યો હતો. પોલીસને સટ્ટોડીયા પાસેથી મોબાઈલ મળી આવ્યો હતો જેમાં સટ્ટાને લગતા સોદા થયા હતા. પોલીસે રૂ.૭૫ હજારનો ફોન કબ્જે કરી સટ્ટોડીયા સુમીત સોની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૭૩૫ લાખની ગ્રાંટની સામે રૂ.૭૫૫ લાખના આયોજનના કામોને મંજૂરી આપવામાં આવી

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં આંતર માળખાકીય સુવિધાઓના સુગ્રથિત વિકાસ થકી નાગરિકોની સુખાકારીઓમાં વધારો કરવા માટે રાજ્ય સરકાર મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહી છે. આ માટે સમયબદ્ધ આયોજન અને જરૂરી નાણાકીય ફાળવણી કરીને રાજ્ય સરકાર અસરકારક કામગીરી કરી રહી છે, જેના પરિણામે નાગરિકોને મળતી સુવિધાઓમાં વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લાના ઝડપી વિકાસ માટે તત્પર એવા ગૃહ રાજ્ય મંત્રીશ્રી તેમજ ગાંધીનગરના પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને,આજે ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૨-૨૩માટે રૂ. ૭૩૫ લાખની ગ્રાંટની સામે રૂ.૭૫૫ લાખના આયોજનના ૩૭૨ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

આયોજન મંડળની આ બેઠકમાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે તાલુકા કક્ષાની વિવિધ જોગવાઈ જેવી કે, વિવેકાધીન જોગવાઈ, ખાસ અંગભુત જોગવાઈ, પ્રોત્સાહક જોગવાઈ અને ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર જોગવાઈ માટે મળવાપાત્ર થતી રૂ. ૫૦૦ લાખની ગ્રાન્ટની સામે ૩૩૦ કામો રૂ. ૫૧૮.૨૫ લાખના કામો મંજૂર કરાયા હતા.

નગરપાલિકા જોગવાઈની મળવાપાત્ર થતી રૂ. ૭૫ લાખની ગ્રાન્ટની સામે ૧૧ કામો રૂ. ૭૭ લાખના, જિલ્લા કક્ષાની જોગવાઈની મળવાપાત્ર રૂ. ૧૫૦ લાખની ગ્રાન્ટ સામે ૨૮ કામો રૂ.૧૫૦ લાખના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનુ (ખાસ પ્લાન) રૂ. ૧૦ લાખની ગ્રાન્ટની સામે ૩ કામો રૂ. ૧૦ લાખના એમ મળી, કુલ રૂ.૭૩૫ લાખના આયોજનના ૩૭૨ કામો સામે રૂ.૭૫૫ લાખના કામોને મંજુર કરવામાં આવ્યા હતા.

આ મંજૂર કરવામાં આવેલા કામોમાં મુખ્યત્વે પાણી પુરવઠાના રૂ. ૯૪.૫૭ લાખના, ગ્રામ્ય માર્ગોના રૂ.૨૪૫.૨૪ લાખના, ગટર લાઈનના રૂ.૧૨૬.૫૪ લાખના, સ્થાનિક વિકાસના રૂ.૮૨.૩૨ લાખના, પ્રાથમિક શિક્ષણના રૂ.૬૩.૫૯ લાખના, પોષણના રૂ.૭.૨૦ લાખના અને આરોગ્યના રૂ. ૪૩ લાખના તેમજ ભુમિસંરક્ષણના રૂ. ૫૨.૦૯ લાખના અને વીજળીકરણના રૂ. ૩૬.૨૦ લાખના એમ મળી, કુલ રૂ. ૭૫૫.૨૫ લાખના ૩૭૨ કામોનો સમાવેશ થાય છે.આ કામો સત્વરે હાથ ધરવામાં આવશે.

આ બેઠકમાં, જિલ્લા આયોજન મંડળના ઉપાધ્યક્ષશ્રી અને જિલ્લા પંચાયત, ગાંધીનગરના પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ,મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ગાંધીનગરના ધારાસભ્યશ્રીઓ શંભુજી ઠાકોર, ડૉ. સી જે. ચાવડા, શ્રી સુરેશભાઈ સી. પટેલ, શ્રી બળદેવજી ઠાકોર, કલેકટરશ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડૉ.ધવલ પટેલ,ગાંધીનગર જિલ્લાની તાલુકા પંચાયતોના પ્રમુખશ્રીઓ, ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, અધિક કલેકટર સુશ્રી રિતુ સિંહ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી, સામાન્ય વહીવટ વિભાગના નિરીક્ષકશ્રી એ.વી.ચાંપાનેરી, જિલ્લા આયોજન અધિકારી એન.જી.પટેલ, જિલ્લા આંકડા અધિકારીશ્રી એચ.કે. પ્રજાપતિ અને તમામ અમલીકરણ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા.